સુવિચાર : આત્મ મુગ્ધતા અને આત્મ પ્રશંસા વ્યક્તિને ઉધઈની જેમ ખોખલી કરી નાખે છે - જીવનસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૬૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૯ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- હવે ૨૧મી સદી ભારતની રહેશે : નરેન્દ્ર મોદીનો દાવો
- દિલ્હી-સાનફ્રાન્સિસ્કો વચ્ચે હવે સીધી ફ્લાઈટ શરૂ થશે
- આજે પોલીસી સમીક્ષા : રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો થશે
- ઉત્તરપ્રદેશમાં વસ્તી ૨૦ કરોડ, ટ્રાફિક પોલીસ ૩૬૫૬
- સેન્સેક્સ ૨૪૭ પોઈન્ટ ઘટી ૨૫૬૧૬ની નીચી સપાટીએ
- ડોલરની સામે રૂપિયો ૬ પૈસા સુધરીને બંધ રહ્યો
- દેશના વિવિધ ભાગમાં હુમલા કરવા માટે ત્રાસવાદીઓ સજ્જ
- સંપત્તિ કેસમાં વિરભદ્ર દ્વારા એફઆઈઆર નકલની માંગ
- પશ્ચિમ બંગાળમાં ફરીથી લઠ્ઠાકાંડ : ૧૦ મોત થયા
- તમિલનાડુમાં હવે અમ્મા મોબાઈલ ફોનની સ્કિમ

# અવકાશમાં ભારતનો દબદબો

**ઈસરોની સિદ્ધી : એસ્ટ્રોસેટ, અન્ય છ ઉપગ્રહો સફળરીતે લોંચ કરાયા : અમેરિકાના ઉપગ્રહને પણ પ્રથમ વખત ભારત દ્વારા લોન્ચ કરાયું : શ્રીહરિકોટામાં સતીષ ધવન સ્પેશ સેન્ટર ખાતેથી પીએસએલવી-સી-૩૦ની સફળ ઉડાણ : ઈસરોથી વિશ્વ સમુદાય પ્રભાવિત**



શ્રીહરિકોટા,તા.૨૮

ભારતના પ્રથમ એસ્ટ્રોનોમી સેટેલાઈટ એસ્ટ્રોસેટને આજે સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા બાદ ઉપસ્થિત વૈજ્ઞાનિકો અને ઈસરોના ટોચના લોકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. આની સાથે જ ભારતે અંતરિક્ષના ક્ષેત્રમાં વધુ એક મોટી સિદ્ધી હાંસલ કરી લીધી હતી. આ પ્રોજેક્ટને લીલીઝંડી આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ભારતની પસંદગીના દેશોની ક્લબમાં લોંચની સાથે એન્ટ્રી

**ભારત જાપાન, અમેરિકા, રશિયા અને યુરોપ સાથે સમાવેશ**

શ્રીહરિકોટા, તા. ૨૮

ઈસરો દ્વારા એસ્ટ્રોસેટ અને અન્ય છ ઉપગ્રહોને સફળરીતે લોન્ચ કરવામાં આવ્યા બાદ ભારતે અમેરિકા, જાપાન, રશિયા અને યુરોપ બાદ તેમની પોતાની સ્પેશ ક્ષમતા ધરાવનાર દેશોની યાદીમાં એન્ટ્રી કરી

● અનુસંધાન પાન-૭ પર



**શ્રદ્ધાનું ઘોડાપુર** - જય અંબે - જય અંબેના જયનાદ સાથે તારાપુરથી અંબાજી પહોંચેલ પગપાળા સંઘના ૮૦૦ ભાવિકો ૫૨૧ ફૂટની વિક્રમસર્જક ધજા લઈ મા-આદ્યશક્તિના ધામ તરફ ભારે ઉત્સાહપૂર્વક આગળ વધી રહ્યા છે... ભાદરવી પૂનમ એટલે ગુજરાતના ખૂણે ખૂણેથી માઈભક્તો માતાજીના ચરણે શીશ ઝુકાવવા ઉમટ્યા હતા...

# મનપા-નપાની ચુંટણી પર સ્ટે યથાવત

**સુનાવણી દરમિયાન ગુજરાત સરકાર જવાબ રજુ ન કરી શકી : હવે ૨૪મી નવેમ્બરે સપ્રીમ કોર્ટમાં ફરી સુનાવણી**

અમદાવાદ, તા.૨૮

ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજવા માટે સુપ્રિમ કોર્ટ દ્વારા ૨૮મી સપ્ટેમ્બર સુધીનો સ્ટે અપાયો હતો. જેની મુદતમાં આજે વધારો કરીને સુપ્રિમ કોર્ટ દ્વારા હવે ૨૪મી નવેમ્બર સુધી સ્ટે લંબાવી દીધો છે. જેથી હવે ગુજરાત રાજયની ચૂંટણીઓ પાછી ઠેલાઈ છે અને રાજયની તમામ છ મહાનગરપાલિકાઓમાં હવે વહીવટદારનું શાસન લાગુ કરી દેવામાં આવશે. ગુજરાત સરકારે જવાબ રજુ કરવા માટે વધુ બે સપ્તાહનો સમય માંગ્યો છે. ગુજરાત રાજયની છ મહાનગરપાલિકા ઉપરાંત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજયની તમામ ચૂંટણીઓ માટેની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. જેમાં વડોદરાના એક નાગરિક દ્વારા સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી મહાનગરપાલિકાના નવા સિમાંકન ઉપરાંત એક વોર્ડમાં ચારને બદલે એક વોર્ડમાં એક નગર સેવકની માંગ કરાઈ હતી અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા યોજવા માટે સ્ટે માંગ્યો હતો. આ સંદર્ભમાં સુપ્રિમ કોર્ટ ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજયની તમામ પ્રકારની ચૂંટણીઓ સામે તા. ૨૨.૯.૨૦૧૫ સુધીનો સ્ટે ફરમાવી દીધો હતો અને ગુજરાત સરકારને

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતી રાજની ચૂંટણીઓ યોજવા રાજ્ય સરકાર દ્વિધામાં છે

**જાહેરનામુ પ્રગટ કર્યા પછી ૩૦ દિવસના સમયગાળાની જરૂરીયાતને ધ્યાને રાખી આગામી સપ્તાહમાં સરકાર વલણ સ્પષ્ટ કરે તેવા સંકેત**

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ક્યારે યોજવી તેને લઈ રાજ્ય સરકાર દ્વિધા અનુભવી રહી છે. તેમજ આ ચૂંટણી માટેની હજુ પણ સંખ્યાબંધ જગ્યાઓ ખાલી રહેલી હોવાથી પંચ પણ આ માટે દબાણ બનાવી બેઠુ છે.

રાજયમાં જિલ્લા-તાલુકા પંચાયતની મુદત નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થઈ રહી છે. આ સંજોગોમાં ચૂંટણી પંચ પણ તેની તૈયારીઓ પૂરજોશમાં કરી રહેલ છે.

જો કે રાજયમાં જે રીતે પાટીદાર અનામત આંદોલન પુનઃ વેગ પકડી રહ્યુ છે તેને લઈ સરકારની દ્વિધામાં વધારો થયો છે. એક તરફ મનપાની ચૂંટણી માટે નિરીક્ષકો નિમ્યા ત્યારે સુપ્રિમના મનાઈ હૂકમને લઈ સરકાર દ્વિધાનો સામનો કરી રહેલ છે.

પંચાયતી રાજ વ્યવસ્થામાં ચૂંટણીઓ યોજવા માટે જાહેરનામુ જાહેર કર્યા પછી ૩૦ દિવસ જેટલો સમયગાળો જોઈએ. આથી સરકાર આ ચૂંટણીઓ અંગે કેવુ વલણ લેવા માગે છે તેનું ચિત્ર આગામી સપ્તાહમાં સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

સત્તાધારી પક્ષના ઘણા બધા આગેવાનો માની રહ્યા છે કે નવેમ્બર સુધી ચૂંટાયેલી પાંખ સત્તા પર રહે અને ત્યારબાદ વહીવટદાર મૂકી જાન્યુઆરીમાં ચૂંટણીઓ યોજવામાં આવે. હાલનો સમય પક્ષને માટે પણ અગ્નિપરીક્ષાનો છે. સામાજિક સમરસતા સામે પણ પ્રશ્નો છે. આ ઉપરાંત વિકાસના કામોને ઝડપી બનાવી સામાજિક સમરસતાનો માહોલ પુનઃ સ્થાપિત કરી ચૂંટણીઓ યોજવામાં આવે.

ભાજપના જિલ્લા એકમો પણ આને લઈ દ્વિધાનો સામનો કરી રહ્યા છે. જો કે ધીમી ગતિએ બાયોડેટા મેળવવા, ટીફિન બેઠકો યોજી કાર્યકર્તાઓ સાથે સંપર્ક બનાવી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી વધુ બે ડેન્ગ્યુના કેસ મળ્યા

**સિવિલમાં એલાઈઝા ટેસ્ટ ડેન્ગ્યુ માટે ઝડપથી હાથ ધરવા કલેક્ટરની તાકીદ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુના વધુ ૨ દર્દીઓ મળી આવ્યા છે. આ સાથે ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા શહેરમાં ૧૧ પર પહોંચી છે.

શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યામાં ગત વર્ષની તુલનામાં આ વર્ષે વધારો જોવા મળી રહ્યો છે.


મળતી વિગતો પ્રમાણે સે. ૨૫ના જીઆઈડીસી વિસ્તારમાંથી આ બે દર્દીઓ મળી આવ્યા છે. અને તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ બન્ને દર્દીઓ કલકત્તાથી આવ્યા હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં બહાર આવવા પામ્યું છે.

તંત્રએ જીઆઈડીસી વિસ્તારમાં સર્વેલન્સ સઘન તો હાથ ધર્યુ છે. જો કે કોઈ નવા કેસ નહિ

● અનુસંધાન પાન-૭ પર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

Indiabulls HOME LOANS
Ab Ghar Aa Jao
પ્રસ્તુત છે
#Indiabulls Home Loans
આવાસ પ્રોપર્ટી શો, 2015
તમારા સપનાના ઘરની ચાવી
તારીખ: 02-04 ઑક્ટોબર 2015 | સમય: સવાર 11થી રાત 8
સ્થળ: ઇન્ફોસિટી કલબ, ગાંધીનગર, ગુજરાત.
ખાસ આકર્ષણ:
• ત્યાં જ મંજૂરી (ઑન-સ્પોટ સેન્કશન)
• બિલ્ડર્સ તરફથી આકર્ષક ઑફરો
• રજિસ્ટ્રેશન પર સુનિશ્ચિત ગિફ્ટ (ઉપહાર)
• વિશેષ ઇનામો (સ્પેશ્યલ પ્રાઇઝીસ) સાથે લકી ડ્રો
INDIABULLS HOME LOANS આવાસ Gandhinagar 2015
AN EXCLUSIVE HOME SHOW
SMS 'GHAR' to 54242 | HELPLINE: 1800 200 7777
Participating Builders



ગુજરાત સરકારને
લાખ લાખ અભિનંદન



પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો
બિનઅનામત (સવર્ણો) માટે ઐતિહાસિક વિશેષ પેકેજ
જાહેર કરવા બદલ ખૂબ ખૂબ આભાર....
'સૌનો સાથ, સૌનો વિકાસ' ગતિશીલ ગુજરાત

| | | |
|---|---|---|
| શ્રીમતી હિનાબેન એચ. પટેલ<br>પ્રમુખશ્રી જિલ્લા પંચાયત | શ્રીમતી ઉષાબેન પટેલ<br>ચેરમેનશ્રી કારોબારી સમિતિ | શ્રીમતી શકુન્તલાબેન પટેલ<br>વિરોધપક્ષના નેતાશ્રી |
| શ્રી સહદેવસિંહ ઝાલા<br>ચેરમેનશ્રી બાંધકામ સમિતિ | શ્રી રમણભાઈ વાઘેલા<br>ચેરમેનશ્રી ન્યાય સમિતિ | શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ<br>ચેરમેનશ્રી આરોગ્ય સમિતિ |
| શ્રી મહોતજી ઠાકોર<br>ચેરમેનશ્રી ૨૦મુદ્દા અમલીકરણ સમિતિ | શ્રીમતી ડાહીબા ઠાકોર<br>ચેરમેનશ્રી મહિલા અને બાળ | શ્રીમતી ભીખીબેન ઠાકોર<br>ચેરમેનશ્રી ખેતીવાડી, સિંચાઈ, સહકાર |
| શ્રી ગાભાજી ઠાકોર<br>સદસ્યશ્રી | શ્રી અમરસિંહ રાઠોડ<br>સદસ્યશ્રી | શ્રીમતી મંગીબેન ડી. પટેલ<br>સદસ્યશ્રી |
| | શ્રી ગુણવંતસિંહ પી. ચાવડા<br>સદસ્યશ્રી | |